# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-06-2024** **Evening : 7.10 to 7.25**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

- પુનરાવર્તન કે પરિવર્તન વચ્ચેની રસાકસીમાં એનડીએને 291 બેઠકો જ્યારે ઇન્ડિયા ગઠબંધનને 233 બેઠકો..ભાજપે પાંચ રાજ્યોમાં વિપક્ષનો સફાયો કર્યો..
- વારાણસીમાંથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો દોઢ લાખથી વધુ મતે વિજય...કોંગ્રેસના રાહુલ ગાંધીએ વાયનાડ અને રાયબરેલી એમ બંને બેઠકો જીતી ... સ્મૃતિ ઇરાની અને રાજીવ ચંદ્રશેખરનો પરાજય..
- ગુજરાતમાં ભાજપની હેટ્રીક એક બેઠક માટે અટકી ગઇ ...24 બેઠકો પર વિજયકૂચ...
- કોંગ્રેસના ગેનીબેને બનાસકાંઠા બેઠક જીતી કોંગ્રેસને જીવંત રાખી .. જ્યારે અમિત શાહ અને સી આર પાટીલનો પાંચ લાખથી વધુ સરસાઇથી વિજય..
- રાજ્યની પાંચ વિધાનસભાની પેટાચૂંટણીમાં પણ ભાજપનો ભગવો લહેરાયો...

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# NATIONAL CHITRA

લોકસભાની ચૂંટણીમાં જનાદેશ ફરી એકવાર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર રચવા માટે સ્પષ્ટ રહ્યો છે. 543 બેઠકોમાંથી એનડીએને 291 બેઠકો મળી છે જ્યારે ઇન્ડિયા ગઠબંધનને 233 બેઠકો મળી છે. ભારતીય જનતા પાર્ટી સૌથી મોટા પક્ષ તરીકે આગળ છે. તેને 240 બેઠકો મળી છે જ્યારે કોંગ્રેસને 99 બેઠકો મળી છે. અન્ય પક્ષોની વાત કરીએ તો એનડીએના સાથી પક્ષોમાં જનતા દળ યુનાઇટેડને 12 બેઠકો અને તેલુગુ દેશમ પાર્ટીને 16 બેઠકો મળી છે.

ઇન્ડિયા ગઠબંધનમાં તૃણમૂલ કોંગ્રેસને 29 બેઠકો, સમાજવાદી પાર્ટીને 37 બેઠકો, શિવસેના (ઉધ્ધવ ઠાકરે)ને દસ અને ડીએમકેને 22 બેઠકો, શરદ પવાર- એનસીપીને સાત બેઠકો મળી છે.

આમ, લોકસભાની ચૂંટણીમાં જનાદેશ સ્પષ્ટ બન્યો છે અને એનડીએ મોરચા સરકારની રચના સ્પષ્ટ બની છે.

ભાજપે પાંચ રાજ્યોમાં તમામ લોકસભા બેઠક કબ્જે કરી છે, જેમાં દિલ્હીની સાત, ઉત્તરાખંડની પાંચ, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશની ચાર-ચાર અને ત્રિપુરાની બે બેઠકોનો સમાવેશ થાય છે. જો કે, સૌથી વધુ 80 બેઠકો ધરાવતા ઉત્તરપ્રદેશમાં એનડીએને ફટકો પડ્યો છે. ભાજપને 30, જ્યારે સમાજવાદી પાર્ટીને 36, કોંગ્રેસ પાંચ અને રાષ્ટ્રીય લોકદળ બે બેઠક પર આગળ છે.

કોંગ્રેસનાં નેતા શશી થરૂરે થિરુવનંતપુરમ બેઠક પર કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરને 16 હજારથી વધુ મતોથી પરાજય આપ્યો છે. કોંગ્રેસના કે સી વેણુગોપાલ અલપ્પુઝા બેઠક પરથી જીત્યા છે. . કેરળમાં ભાજપનું ખાતુ ખૂલ્યું હતું. થ્રિશુર સીટ પર સુરેશ ગોપી 75 હજાર મતોથી જીત્યા છે.

વારાણસી બેઠક પરથી પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી કોંગ્રેસના અજય રાય સામે 1 લાખ બાવન હજાર મતોથી જીત્યા છે. કોંગ્રેસ અગ્રણી રાહુલ ગાંધી વાયનાડ અને રાયબરેલી બંને બેઠકો પરથી વિજેતા જાહેર થયા છે.

વિદિશા બેઠક પરથી ભાજપના શિવરાજસિંહ ચૌહાણે સમગ્ર દેશમાં સૌથી વધુ આઠ લાખ 20 હજારથી વધુ મતોથી જીત હાંસલ કરી છે.

## PM MODI

ભાજપના અગ્રણી નેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશની સૌથી હાઈપ્રોફાઈલ વારાણસી લોકસભા સીટ પરથી સતત ત્રીજી વખત જીત મેળવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના નજીકના હરીફ અજય રાયને 1,52,513 મતોથી હરાવ્યા હતા. પ્રધાનમંત્રી હેટ્રિક જીતની જાહેરાત થતાની સાથે જ, ભાજપના કાર્યકરો ઉજવણી કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા હતા. કાર્યકરોએ ફટાકડા ફોડી અને એકબીજાને મીઠાઈ ખવડાવી ખુશી વ્યક્ત કરી હતી..

## GUJ. RESULT

ગુજરાતની લોકસભાની કુલ 26 બેઠકો પૈકી 25 બેઠકોના પરિણામો આવી રહ્યા છે તે દ્રષ્ટિએ એક બનાસકાંઠા બેઠક કોંગ્રેસને મળી છે જ્યારે બાકીની 24 બેઠકો ભારતીય જનતા પાર્ટીના ફાળે ગઇ છે. આમ એક બેઠકથી ભાજપ ગુજરાતમાં હેટ્રીક ચૂકી ગયું છે.

મહત્વની કેટલીક બેઠકોની વાત કરીએ તો ગાંધીનગરની બેઠક પર અમિત શાહ ને નવસારીની બેઠક પર પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ વિજેતા જાહેર થયા છે. બંનેની સરસાઇ પાંચ લાખથી ઉપર રહી છે. આ ઉપરાંત અન્ય

ત્રણ મંત્રીઓ પરસોત્તમ રૂપાલા- રાજકોટમાં, દેવુસિંહ ચૌહાણ- ખેડામાં અને પોરબંદર બેઠકમાં મનસુખ માંડવિયાએ પણ વિજયકૂચ જારી રાખી છે.

આજે સવારથી આણંદ, બનાસકાંઠા, પાટણ, ભરૂચ અને ભાવનગરની બેઠક પર કશ્મકશ ચાલતી હતી. આ રસાકસીમાં બનાસકાંઠાને બાદ કરતાં બાકીની બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીએ જીત જાળવી રાખી છે. આમ આદમી પાર્ટીના બંને ઉમેદવારો ચૈતર વસાવા ભરૂચ બેઠક પર અને ઉમેશ મકવાણા ભાવનગરની બેઠક પર હારી ગયા છે. પાટણની બેઠક પર સવારથી જ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે રસાકસી રહી જે અંતે ભાજપની તરફેણમાં રહી હતી. જો કે, કોંગ્રેસના ચંદનજી ઠાકોરે પાટણની બેઠક પર તંદુરસ્ત હરીફાઇ કરી છે.

# BJP/ CONG. REACTION

લોકસભા ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે પત્રકાર પરિષદ સંબોધી હતી.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજાયેલી આ પરિષદમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યુ હતું કે, ગુજરાતમા 26 માંથી 26 બેઠક બે વખત જીત્યા હતા આ વખતે પણ તમામ 26 બેઠકો જીતવાનો સંકલ્પ કર્યો હતો પરંતુ એક બેઠક બનાસકાંઠાની હારમા જે કયાંય ત્રુટી રહી ગઇ છે તેનુ મનોમંથન કરીશું અને વિકાસના કાર્યો વધુ વેગવંતા બને તે દિશામા કામ કરવાનો પ્રયાસ કરીશું.

## (બાઇટ- સીએમ)

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે લોકસભા ચૂંટણીની પ્રક્રિયા શાંતિપુર્ણ માહોલમા સંપન્ન થઇ તે બદલ મતદારો, અધિકારીઓ,

પદાધિકારીઓ, પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાના પત્રકારોનો આભાર વ્યકત કરતાં વધુમાં જણાવ્યું હતું કે,

**(બાઇટ-સી.આર. પાટીલ)**

દરમિયાન, કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા મનીષ દોશીએ ચૂંટણીના પરિણામ અંગે પોતાનો પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે,

**(બાઇટ- મનીષ દોશી)**

# ELECTION PTC BYTE

ગાંધીનગર લોકસભા બેઠકની માહિતી આપે છે અમારા ગાંધીનગરના પ્રતિનિધી દુર્ગેશ મહેતા...

**(બાઇટ- દુર્ગેશ મહેતા)**

રાજકોટ લોકસભાની બેઠક પર ભાજપના પરષોતમ રૂપાલાનો વિજય નિશ્ચિત થતાં રૂપાલાએ પોતાની પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે આ વિજય કાર્યકરોનો વિજય છે..

**(બાઇટ - પરસોત્તમ રૂપાલા)**

ભરૂચ બેઠક પર પરાજય બાદ આપના ઉમેદવાર ચૈતર વસાવાએ પરાજયનો સ્વીકાર કર્યો હતો તેમણે ભરૂચની જનતાનો આભાર માન્યો હતો.

**(બાઇટ- ચૈતર વસાવા)**

**વલસાડ  લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ધવલ પટેલ વિજય બનતાં આ રીતે મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો...**

**(બાઇટ- ધવલ પટેલ)**

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ દમણ અને દાદરાનગર હવેલી લોકસભા બેઠકની માહિતી આપે છે અમારા દમણના પ્રતિનિધી પ્રદિપ ભાવસાર...

**(બાઇટ- પ્રદિપ ભાવસાર)**

જામનગર લોકસભા બેઠકની માહિતી આપે છે અમારા જામનગરના પ્રતિનિધી જગત રાવલ...

**(બાઇટ- જગત રાવલ)**

# GUJ. VIDHANSABHA BETHAK WIN

લોકસભા ચૂંટણીની સાથે સાથે યોજાયેલી વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપે પાંચેય બેઠકો પર જીત મેળવી છે.

પોરબંદરની બેઠક પર ભાજપના ઉમેદવાર અર્જુન મોઢવાડિયાએ તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના રાજુ ઓડેદરાથી એક લાખ 16 હજાર 808 મતોની લીડથી જીત મેળવી છે.

જ્યારે ખંભાત બેઠક પર કોંગ્રેસના મહેન્દ્રસિંહ પરમારને 50 હજાર 129 મત  મળ્યા હતા. જ્યારે ભાજપના ચિરાગ પટેલ વિજયી જાહેર થયા છે. જેમણે 38 હજાર 328 મતોની લીડથી કોંગ્રેસના મહેન્દ્રસિંહ પરમારને હાર આપી છે.

વિજાપુર વિધાનસભા બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ડો. સી.જે. ચાવડાએ 56 હજાર 228 મતોથી કોંગ્રેસના દિનેશભાઇ પટેલને હાર આપી...

વાઘોડિયા બેઠક પર ભાજપના ધર્મેન્દ્રસિંહ વાઘેલા કોંગ્રેસના કનુભાઇ ગોહિલથી 82 હજાર 108 મતોની લીડ સાથે વિજેતા થયા છે.

માણાવદર વિધાનસભા બેઠક ઉપર ભાજપના અરવિંદભાઇ લાડાણીએ 31 હજાર 16 મતોની લીડથી કોંગ્રેસના હરિભાઇ કાંગસરાને હાર આપી હતી...

# ELECTION JIT

1. ગાંધીનગરની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર સોનલ પટેલને 7 લાખ 44 હજાર 716 મતની સરસાઇથી હરાવ્યા છે. અમિત શાહને 10 લાખ 10 હજાર 972 મત મળ્યા છે જ્યારે સોનલ પટેલને 2 લાખ 66 હજાર 256 મત મળ્યા છે..

2. નવસારી લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર નૈષધ દેસાઇને 7 લાખ 73 હજાર 551 મતની સરસાઇથી હરાવ્યા છે. સી.આર. પાટીલને 10 લાખ 31 હજાર 65 મત મળ્યા છે જ્યારે નૈષધ દેસાઇને 2 લાખ 57 હજાર 514 મત મળ્યા છે.

3. મહેસાણાની બેઠક ઉપર ભાજપના હરિભાઇ પટેલ 6 લાખ 86 હજાર 406 મત મેળવી વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના રામજી ઠાકોરને 3 લાખ 28 હજાર 46 મતની સરસાઇથી હરાવ્યા છે. રામજી ઠાકોરને 3 લાખ 58 હજાર 360 મત મળ્યા છે.

4. સાબરકાંઠાની બેઠક ઉપર ભાજપના શોભનાબેન બારૈયા વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના તુષાર ચૌધરીને. એક લાખ 55 હજાર 682 મતની સરસાઇથી હરાવ્યા છે. શોભનાબેન બારૈયાને 6 લાખ 77 હજાર 318 મત મળ્યા છે જ્યારે તુષાર ચૌધરીને 5 લાખ 21 હજાર 636 મત મળ્યા છે..

5. અમદાવાદ-પૂર્વની બેઠક ઉપર ભાજપના હસમુખ પટેલ 7 લાખ 70 હજાર 459 મત મેળવી વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના હિમ્મતસિંહ પટેલને 4 લાખ 61 હજાર 755 મતની સરસાઇથી હરાવ્યા છે. હિમ્મતસિંહ પટેલને 3 લાખ 8 હજાર 704 મત મળ્યા છે..

6. અમદાવાદ-પશ્ચિમ લોકસભાની બેઠક ઉપર ભાજપના દિનેશ મકવાણા વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર ભરત મકવાણાને 2 લાખ 86 હજાર 437 મતની સરસાઇથી હરાવ્યા છે. દિનેશ મકવાણાને 6 લાખ 11 હજાર 704 મત મળ્યા છે જ્યારે ભરત મકવાણાને 3 લાખ 25 હજાર 267 મત મળ્યા છે..

7. રાજકોટ લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીને. 4 લાખ 84 હજાર 260 મતની સરસાઇથી હરાવ્યા છે. પરસોત્તમ રૂપાલાને 8 લાખ 57 હજાર 984 મત મળ્યા છે જ્યારે પરેશ ધાનાણીને 3 લાખ 73 હજાર 724 મત મળ્યા છે..

8. જામનગરની બેઠક ઉપર ભાજપના પૂનમબેન માડમ 6 લાખ 20 હજાર 49 તો સાથે વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર જે.પી. મારવિયાને 2 લાખ 38 હજાર 8 મતની સરસાઇથી હરાવ્યા છે. જે.પી. મારવિયાને 3 લાખ 82 હજાર 41 મત મળ્યા છે..

9. જૂનાગઢની બેઠક ઉપર ભાજપના રાજેશ ચુડાસમા 5 લાખ 84 હજાર 49 મતો સાથે વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના હીરા જોટવાને એક હજાર 35 હજાર 494 મતની સરસાઇથી હરાવ્યા છે. હીરા જોટવાને 4 લાખ 48 હજાર 555 મત મળ્યા છે..

10. અમરેલી લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર ભરત સુતરિયા વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરને 3 લાખ 21 હજાર 68 મતની સરસાઇથી હરાવ્યા છે. ભરત સુતરિયાને 5 લાખ 80 હજાર 872 મત મળ્યા છે જ્યારે જેનીબેન ઠુમ્મરને 2 લાખ 59 હજાર 804 મત મળ્યા છે..

11. ભાવનગરની બેઠક ઉપર ભાજપના નીમુબેન બાંભણિયા વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી આમ આદમી પાર્ટીના ઉમેદવાર ઉમેશ મકવાણાને 4 લાખ 55 હજાર 289 મતની સરસાઇથી હરાવ્યા છે. નીમુબેન બાંભણિયાને 7 લાખ 16 હજાર 883 મત મળ્યા છે જ્યારે ઉમેશ મકવાણાને 2 લાખ 61 હજાર 594 મત મળ્યા છે..

12. આણંદની બેઠક ઉપર ભાજપના મિતેષ પટેલ 6 લાખ 12 હજાર 424 મત મેળવી વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના અમિત ચાવડાને 89 હજાર 939 મતની સરસાઇથી હરાવ્યા છે. અમિત ચાવડાને 5 લાખ 22 હજાર 545 મત મળ્યા છે..

13. ખેડા લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના કાળુસિંહ ડાભી 3 લાખ 57 હજાર 758 મતની સરસાઇથી હરાવ્યા છે. દેવુસિંહ ચૌહાણને 7 લાખ 44 હજાર 435 મત મળ્યા છે જ્યારે કાળુસિંહ ડાભીને 3 લાખ 86 હજાર 677 મત મળ્યા છે..

14. પંચમહાલ લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર રાજપાલસિંહ જાદવ 7 લાખ 94 હજાર 579 મત મેળવી વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર ગુલાબસિંહ ચૌહાણને 5 લાખ 9 હજાર 342 મતની સરસાઇથી હરાવ્યા છે. ગુલાબસિંહ ચૌહાણને 2 લાખ 85 હજાર 237 મત મળ્યા છે..

15. દાહોદની બેઠક ઉપર ભાજપના જસવંતસિંહ ભાભોર વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર ડો. પ્રભા તાવિયાડને 3 લાખ 33 હજાર 677 મતની સરસાઇથી હરાવ્યા છે. જસવંતસિંહ ભાભોરને 6 લાખ 88 હજાર 715 મત મળ્યા છે જ્યારે ડો. પ્રભા તાવિયાડને 3 લાખ 55 હજાર 38  મત મળ્યા છે..

16. વડોદરા લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર ડો. હેમાંગ જોષી વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર જસપાલસિંહ પઢિયારને 5 લાખ 82 હજાર 126 મતની સરસાઇથી હરાવ્યા છે. ડો. હેમાંગ જોષીને 8 લાખ 73 હજાર 189 મત મળ્યા છે જ્યારે જસપાલસિંહ પઢીયારને 2 લાખ 91 હજાર 63 મત મળ્યા છે..

17. છોટા ઉદેપુરની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર જસુભાઇ રાઠવા 7 લાખ 96 હજાર 589 મતો સાથે વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર સુખરામ રાઠવાને 3 લાખ 98 હજાર 777 મતની સરસાઇથી હરાવ્યા છે. સુખરામ રાઠવાને 3 લાખ 97 હજાર 812 મત મળ્યા છે..

18. ભરૂચ લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર મનસુખ વસાવા વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચૈતર વસાવાને 85 હજાર 696 મતની સરસાઇથી હરાવ્યા છે. મનસુખ વસાવાને 6 લાખ 8 હજાર 157 મત મળ્યા છે જ્યારે ચૈતર વસાવાને 5 લાખ 22 હજાર 461 મત મળ્યા છે..

19. બારડોલી લોકસભાની બેઠક ઉપર ભાજપના ઉમેદવાર પ્રભુભાઇ વસાવા વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી આમ કોંગ્રેસના ઉમેદવાર સિધ્ધાર્થ ચૌધરીને 2 લાખ 30 હજાર 253 મતની સરસાઇથી હરાવ્યા છે. પ્રભુભાઇ વસાવા ને 7 લાખ 63 હજાર 950 મત મળ્યા છે જ્યારે સિધ્ધાર્થ ચૌધરીને 5 લાખ 33 હજાર 697 મત મળ્યા છે..

20. કચ્છની અનુસૂચિત જાતિની અનામત બેઠક ઉપર ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડા વિજેતા જાહેર થયા છે. તેમણે તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના ઉમેદવાર નિતેશ લાલનને 2 લાખ 68 હજાર 782 મતની સરસાઇથી હરાવ્યા છે. વિનોદ ચાવડાને 6 લાખ 59 હજાર 574 મત મળ્યા છે જ્યારે નિતેશ લાલનને 3 લાખ 90 હજાર 792 મત મળ્યા છે..

21. દાદરાનગર હવેલી બેઠક પરથી ભાજપના કલાબેન ડેલકર એક લાખ 21 હજાર 74 મતોથી વિજયી બન્યા છે તેમણે કોંગ્રેસના અજીત મહાલાને 57 હજારથી વધુ મતોથી હાર આપી હતી.